અંક : ૧૩ જુલાઈ ૨૦૨૩

દશનામ

સરક્યુલર



દશનામ

⊖ સરક્યુલર

વર્ષ : ૦૨

●

અંક : ૧૩

●

જુલાઈ ૨૦૨૩

●

તંત્રી
લલિતપુરી રામપુરી ગોસ્વામી

●

E-mail
dashnamcircular@gmail.com

●

પ્રકાશન અને સંકલન
લલિતપુરી આર. ગોસ્વામી
સુરત.
મો. 98985 50833

●

ડિઝાઈન
જી.પબ્લીકેશન્સ
સુરત.

●

પ્રાપ્તિ સ્થાન

Join us on **WhatsApp Group**

JOIN

Follow us on **Telegram**

JOIN

For All Volume **Google Drive**

CLICK

તંત્રીલેખ...

યાદ રહે... આપણે **નશ્વર** છીએ...

એક મહત્ત્વની વસ્તુ જે દરેક મનુષ્યે કરવાની છે તે છે કે તેમનું માનસિક અને ભાવનાત્મક માળખું જીવનના સૌથી મૂળભૂત તથ્યની આસપાસ બનાવવું – તેમની નશ્વરતા. અત્યારે, લોકોને તેઓ નશ્વર છે એ સમજવામાં આખી જિંદગી નીકળી જાય છે; તેમને આ વાત યાદ અપાવવા માટે એક હાર્ટ અટેક અથવા કોઈ જગ્યાએ કેન્સરની એકાદ ગાંઠની જરૂર પડે છે.

આપણે આપણાં જીવનની દરેક ક્ષણને માણવાની અને ઉજવવાની જરુર છે કેમ કે જીવન આપણાં માટે એક ક્ષણ માટે પણ ઉભું નથી રહેતું. જો આપણે અમર હોત, તો આપણે ડિપ્રેશન, તણાવ, ગાંડપણ અને દુ:ખ બધામાં સો-સો વર્ષ ગાળીને તમારા 500 માં જન્મદિવસે આનંદિત બની શક્તે. પરંતુ એવું નથી. આપણે નશ્વર છીએ અને જીવન વહી રહ્યું છે. તેથી આ જીવનમાં હતાશા, ડિપ્રેશન, તણાવ, ગુસ્સા કે બીજી કોઈ અસુખદ વસ્તુ માટે આપણી પાસે સમય જ નથી.

- લલિતપુરી આર. ગોસ્વામી

દશનામ

ⓔ સરક્યુલર

... અનુક્રમણિકા ...



વાગડના
ચેતન સમાધિસ્ત
સંત મહાત્માઃ
રઘુભારથી બાપુ...



- રમેશપુરી ગોસ્વામી 'સારથિ'
લાકડિયા, ભચાઉ (કચ્છ)

કચ્છ - વાગડની ધરતી એટલે સંત, સુરા, દાતાઓ, સતીઓની ધરતી. અહીં ગામડે ગામડે સંતો, મહંતોનાં બેસણાં છે. ધર્મની આહલેક જગાડી ગયેલા કંઈ કેટલાય મહાત્માઓ આ ધરા પર ધુણો ધખાવી ગયા. એમાંથી સમયાંતરે અમુક નામો લોક સ્મૃતિમાંથી નીકળી ગયાં. જ્યારે ઘણાંય દૈવી મહાન આત્માઓની જાગૃત જગ્યાઓ આજે પણ ધમધમે છે. એમાંનું એક ઉજળું નામ એટલે મહાત્મા શ્રી રઘુભારથી બાપુ.

સાધુ તો ચલતા ભલા... ક્યાંથી આવ્યા રામ જાણે, પણ વાગડની ધીંગી ધરાને પાવન કરી દીધી. વાગડનાં રાપર તાલુકાના પલાસવાની બાજુમાં અમરાપર ગામમાં ઐતિહાસિક રઘીસર મહાદેવની જગ્યા આવેલી છે.

જગત પિતા મહાદેવની આ એક ખાસિયત છે. આવું માત્ર બે જ દેવતાઓ સાથે થઇ શકે. એક હનુમાનજી અને બીજા મહાદેવજી. ગામે ગામ નવા નવા નામે પૂજાય. શ્રદ્ધા સૌની મોટી. રામ, કૃષ્ણનાં દરેક ગામે એજ નામ હોય... પણ બજરંગ બલી અને ભોળિયા નાથનાં

જેટલાં ધામ, એટલાં નામ. આ જગ્યાએ વર્ષો પહેલા કહેવાય છે કે સિંધ બાજુથી એક ફકડ સંત મહાત્મા આવ્યા. નામ રઘુભારથી બાપુ. હર હર મહાદેવનો નાદ જગાવીને રઘીસર મહાદેવની પૂજા અર્ચના કરે છે. અપૂજ મહાદેવની પૂજા થવા લાગી આથી આસપાસનાં લોકો આવવા લાગ્યા. રળિયામણી ટેકરી, ટેકરીની ટોચ પર મહાદેવનું મંદિર, નાનકડું પ્રાંગણ, જગ્યામાં જોત જોતામાં આવરો જાવરો વધી જાય છે. મહાત્માજી હરહરનાં નાદ સાથે ભક્તિ કરે છે. ધુણો ધખાવ્યો છે. એવામાં એક દિવસ બાપુને સપનામાં રઘીસર મહાદેવ આવીને કહે છે કે શિવલિંગની બાજુમાં નારિયેળ હશે... સપનું મળ્યું એટલે બાપુએ તપાસ કરી. અદ્દલ એમ જ નીકળ્યું. નારિયેળ આકારનું લિંગ હતું. કોઈ એમ કહે છે કે રઘુભારથી બાપુએ નારિયેળને ચમત્કારથી લિંગ બનાવી નાખ્યું. ઇતિહાસ હોય ત્યાં લોક વાયકા હોય જ.

આજે બંને લિંગ મોજૂદ છે. ભારત સહિત સમગ્ર વિશ્વમાં અનેક શિવલિંગો આવેલાં છે. પણ બહુજ ઓછી જગ્યાઓ હોય છે, જ્યાં બે લિંગની પૂજા થતી હોય છે. અત્રે બે શિવલિંગની પૂજા થાય છે. ભારથીબાપુ આવ્યા એ પહેલાં પણ આ જગ્યા હતી જ. કોઈ ગુમનામી બાવાજી ભક્તિ કરતા હોય એવું બને. સાધુ તો ચલતા ભલા. એ ન્યાયે અમુક સમય બાદ ચાલ્યા ગયા હોય. મુળ સ્થાપના કોણે કરી એનો ઇતિહાસ નોંધાયેલ નથી, પણ



હજારો વર્ષોથી આ જગ્યા ચેતનવંતી છે. મહાત્મા રઘુભારથી બાપુ રઘીસર મહાદેવની જગ્યામાં કૈલાશવાસ થયા ત્યાં સુધી રહ્યા. ચમત્કારી મુર્તિ હતા. કંઈકનાં દુઃખડાં હર્યાં. કેટલાંયનાં વાંઝિયા મહેણાં ભાંગ્યાં. તિથિ, સાલ તો મળતાં નથી, પણ દાયકાઓ પહેલાંની આ વાત છે.

આજે પણ અમરાપર, પ્લાંસવા, માખેલ, આડેસર, સણવા, સહિત આસપાસનાં ગામના, પંથક ભરનાં લોકો શ્રધ્ધાપુર્વક દાદાનાં દર્શન કરવા આવે છે. લોકો સાચા હ્રદયથી કોઈ પણ તકલીફમાં દાદાની માનતા રાખે અને ભીમાસરનો અમુક સમય સુધી અપૈયો લે જેમાં કોઈ પણ વસ્તુ કે પાણી પીવું નહીં એટલે તરત જ મટી જાય છે. રઘુભારથી બાપુએ અમુક કારણોસર ભીમાસરનો અપૈયો લીધો



હતો. આ રિવાજ આજે પણ ચાલ્યો આવે છે. લોકો શ્રધ્ધા થી ભીમાસર નો અપૈયો લે છે. અપૈયો પાછળ એક ઘટના ઘટી હતી. એક વખત એક વાળંદ ખેતરે ગયા અને ભીમાસરની વાર આવે છે. વાર એ જમાનામાં બહુ આવતી. વાર વાળંદ પાછળ થાય છે. ભાગતા ભાગતા દાદાની જગ્યા થી થોડે દૂર રહે છે ત્યાં દાદા આ દ્રશ્ય જુવે છે અને મારશો માં કહે ત્યાં સુધી માં ભીમાસરની વારના માણસો વાળંદ ને મારી નાખે છે. આથી નારાજ અને ક્રોધિત થઇ ને ભીમાસર નો અપૈયો લે છે. જે જીવન ભર નિભાવ્યો.

આજે પણ વાળંદનો પાળિયો ઇતિહાસ નો સાક્ષી હોય તેમ મોજૂદ છે.આ જગ્યામાં ભૂકંપ પહેલાં એક જૂનો શિલાલેખ હતો, જે ધરતીકંપ બાદ નવા બાંધકામમાં દટાઈ ગયેલ છે. ક્યાંય મળતો નથી. દાદા એ અનેક પરચા પૂર્યા. એક વખત તિંડ આવેલાં. ત્યારે એમ કહેવાય છે કે દાદા એ તેમના ચમત્કાર થી બધાજ તિડોને એક ગોખલામાંથી પસાર કરેલાં, ગરકાવેલાં. બીજી વખત જ્યારે તિડ આવ્યાં ત્યારે એક માલીએ મશ્કરી કરી કે બાપુ આ તિડ ખાવા ક્યાં જશે? તો બાપુએ કીધું કે તારા ખરામાં. અને તિડોનું મોટું ઝુંડ ઉડતું ઉડતું માલીના ખરામાં પેઠું. બધું સફાચટ કરી નાખ્યું. બીજે ક્યાંય નુકશાન કર્યું નહીં. માલી ગળગળો થઈ જાય છે અને બાપુનાં ચરણોમાં પડે છે.

આ પાવન ધરામાં પલાંસવા જાગીર દ્વારા વર્ષો પહેલાં એક નાનો કૂવલી અને વાવ ખોદાવેલી હતી. તથા ડેલી પણ બંધાવી હતી. જેમાંથી આજે નાની કુવલી અને ડેલી મોજૂદ છે, વાવ પુરાઈ ગયેલ છે. રધીસર જાગીર એક ઊંચા ટેકરા પર આવેલી છે. જે દૂરથી દેખાય છે. રઘુભારથી બાપુ બેસતા તે ગાદી, ધુણો અને ડેલી આજે પણ મૌજુદ છે. રઘુભારથી બાપુએ સેલોતોને કહેલું કે નવાણી અગિયારસ પાળજો અને અહીંયા આવેલ તળાવમાં આવી તમારી શક્તિ પ્રમાણે ખોદજો. એ પરંપરા આજે પણ ચાલુ છે. તેમના વંશજો આજે પણ વર્ષમાં એક વખત આવે છે અને ખોદે છે.

વજાજી સેલોત એક વખત અગિયારસના ચૂકી ગયા. ખેતરે હતા

ત્યારે દાદા નાગ થઈ ને આવ્યા અને બળદ ને ચાલવા જ ન દે. કંઇક અજુગતું લાગ્યું આથી તરત જ યાદ આવ્યું.અને તેઓ દર્શન કરવા દોડી આવ્યા. આવા તો અનેક ચમત્કારો આપેલા છે. જેઠ સુદ અગિયારસ એટલે કે નવાણી અગિયારસ કહેવાય છે. એક વખત જગાજી ઘિંગાણીના દીકરા નશાજી ઘિંગાણી જીવલેણ બીમાર પડ્યા, ત્યારે રઘુભારથી બાપુએ સાજા કરેલા. આથી તેમના પરિવારોએ રઘુભારથી બાપુની સમાધિ પર દેરી બનાવેલ. તેમજ નશાજી ઘિંગાણી તેમના બે દીકરા મકાનમાં હતા અને મકાન પડ્યું ત્યારે મોઢામાંથી શબ્દો નીકળેલા કે હે! રઘુભારથી બાપુ, મારા બંને દીકરાઓને જો કશું જ નહિ થાય તો હું એક ટોકરો ચડાવીશ અને બંને દીકરા મેઘાજી અને અમરોજી ને ઉચી આંચ પણ ન આવી અને પછી તેમણે ટોકરો ચડાવ્યો. રઘુભારથી બાપુ એ જીવતાં સમાધિ લીધી ત્યારે બાજુના ગામ પલાસવાના એક અનું. જાતિના બાપા અને બહુજ ભક્તિભાવ જીવન જીવતા હતા. તેમણે કહ્યું કે મને પણ સાથે લઈ જાઓ પણ બાપુ એ ના પાડી કે તમે અહીંયા રહો અને પછી રઘુભારથી બાપુ પછી તેમણે પણ પલાસવામાં જીવતા સમાધી લીધી હતી. તેમની દેરી અને તેમના પરચા પણ અપરંપાર છે. રઘુભારથી બાપુની સાથે દરરોજ ભજન કીર્તન કરતા એવા મલુજી સેલોત હતા. તેમને દાદાએ ચાર મહિના પહેલા કહેલું કે



હું આ દિવસે જીવતા સમાધિ લઈશ.પરંતુ મલૂજી સેલોત ભૂલી ગયા અને તેઓ બળદગાડું લઈને પલાસવાથી મોરબી બાજુ રણ વાટે ગોળ લેવા ગયેલા અને રણમાં પાછા વળતાં હતાં ત્યારે બળદગાડામાં કંઈ તકલીફ થઈ તો તેઓ બરાબર કરતા હતા. ત્યાં બાપુ આવ્યા અને પછી તો બરાબર થઈ ગયું અને બાપુ એ કહ્યું કે હું જૂનાગઢ જાઉં છું તમે પલાસવા રવાના થાઓ અને કહ્યું કે મલુજી સેલોત મારા ખીચામાં ભંડારાની ચાવી રહી ગઈ છે. જે ત્યાં આપી દેજો.

મારે સમય લાગશે આવતાં. એટલું કહીને તેઓ રણમાં રવાના થયા. આ બાજુ મલુજી સેલોત તિથિને બધુજ ભૂલી ગયા હોય છે એટલે કશું યાદ રહેતું નથી અને ગામમાં આવી ને તેઓ અમરાપર મંદિરે ભંડારની ચાવી આપવા જાય છે, ત્યાં શોકમગ્ન ભક્તો કહે છે કે બાપુએ તો કાલે જ જીવતા સમાધી લીધી છે, તો તેઓ કહે છે કે કાલે રણમાં આ ચાવી મને હાથો હાથ આપી છે, અને કહ્યું કે મારા ખીચામાં રહી ગઈ છે, તો ત્યાં આપી આવજો, પછી તો અચાનક તે તિથિ અને બધુજ યાદ આવે છે, અને સમાધિના દર્શન કરે છે. સમાધી લીધા પછી પણ રણમાં જીવતા થઈને પરચા આપેલા છે.

રણમાં મધ્યમાં આવેલો કેશમાળો બેટ ત્યાં ભીમાજી કેશાજી ધિંગાણીના બળદગાડાનો ધરો તૂટી ગયેલો અને વજન પંદર મણ ભરેલું હતું. ત્યારે તેમણે રઘુભારથી બાપુનું નામ લઈ ને એક ઝારાના વૃક્ષની સોટી કાપીને નાખી અને બળદગાડું ગામમાં પહોંચાડેલું એવા અનેક ચમત્કારો આપેલા છે. અમરાપરના ગામ લોકો જણાવે છે કે આજે પણ અચાનક રાત્રીના સમયે મંદિરની આરતી થાય છે અને કહેવાય છે કે રઘુભારથી બાપુ શિવની આરતી કરે છે. એક વખત પલાસવાની ખરવાડ સળગેલી ત્યારે દુદાજી નારણજી ધિંગાણીના મોઢામાંથી શબ્દો નીકળી પડેલા કે હે! રઘુભારથી બાપુ સાચવજે અને ત્યારે બાજુમાં કોઈએ મશ્કરી કરેલી કે રઘુભારથી બાપુ આમાં શું કરે હવે, અને અચાનક પવનની દિશા બદલાઈ અને એમ કહેવાય છે કે ધિંગાણીના બધાજ પરિવારના ખરા બચી ગયા. એક કાંટાની વાળ પણ નહોતી સળગી. જે વાત આજે પણ ગામ લોકોના મોઢે ચર્ચાય છે. રામસંગજી ઉમટ તેમને રઘુભારથી બાપુ પર અપરંપાર શ્રદ્ધા હતી. તેઓ ક્યાંય પણ જતા તેના પહેલા દાદાનું નામ લઈને બાકસ ઉડાડીને કોઈ એક નિશાન માગે અને તે આવે અને દાદા રજા આપે તો જ જતા બાકી ગમે તેવું કામ હોય જતા નહીં. તેમણે વઘાહરી નામના તેમના ખેતરમાં રઘુભારથી બાપુની દેરી બનાવી ને સ્થાપના કરેલ છે. તેઓ હિંદ સરકારના હુલામણા નામથી ઓળખાતા હતા.

અમરાપર ગામના કારાભાઈ હમીરાભાઈ પ્રજાપતિ જેમને દાદા પર અપાર શ્રદ્ધા હતી. તેમનું ખેતર દાદાની ઉત્તર દિશામાં આવેલું છે. તેઓ ખેતરમાં દરોજ ચા પીતા અને અડધી ચા ખોબામાં લઈને કહેતા કે આવો દાદા અને દાદા નાગ સ્વરૂપે આવી ને પીતા હતા. પરંતુ એક વખત અષાઢી બીજના દર્શન કરવાનું ભૂલી ગયા અને તેમનો જે નિયમ હતો તે ભંગ થયો અને ચા ખોબામાં રાખીને કીધું કે હે! દાદા પધારો અને ત્યારે કોઈ બીજો નાગ આવ્યો અને આંગળીમાં કરડ્યો અને તેમણે તરત આંગળી કાપી નાખી અને તેઓ મૃત્યુ પામ્યા ત્યાં સુધી બધાજ લોકો એ કપાયેલી આંગળી જોયેલી. દશનામી સાધુ જેશંગપુરી ગોસ્વામી જેમણે રેલવેની નોકરી મૂકીને દાદાની

પૂજા કરતા હતા,અને દાદા એ સપનામાં આવી ને કહેલું કે લગ્ન ન કરતો અને તેમણે કર્યાં તો દાદાનો કોપ ઉતરેલો હતો.આજે પણ જે દાદાની પૂજા કરે છે, તેને ફક્કડ રહેવું પડે છે. તે લગ્ન કરી શકતો નથી. રઘુભારથી બાપુ એ વર્તમાનમાં અનેક પરચા આપેલા છે, તેમનો એક પરચો એ છે કે થાંભલા વારાનું એક ટ્રેક્ટર હતું, તેમણે દાદાની જગ્યામાં પડાવ નાખેલો અને તેમાં મજૂરો બહારના હતા, તેમણે રાત્રીના સમયે માંસ રાંધીને જમ્યા અને આ બાજુ ટ્રેકટરમાં આગ લાગી અને ટ્રેકટર ચાલુ થઈ ગયું અને ત્રણ ખેતરના શેઢા ટપી ગયું. આ બાજુ આખું ગામ ભેગું થઈ ગયું અને પેલા લોકો કે અમને કંઈ ખબર જ ન પડી કે આ શું થયું અને પછી તે લોકો એ દાદાના દર્શન કર્યાં અને માફી માંગી અને કહ્યું કે હવે ક્યારેય આવી ભૂલ નહીં થાય. હળાહળ કળિયુગ માં પણ ચમત્કાર અને પરચા આપેલા છે. કોરોના કાળમાં જેમને ડોકટરે કહેલું કે ગંભીર બીમારી છે, અને લાંબુ જીવશે નહીં ત્યારે એ અનું. જાતિ ના ભાઈ જેમણે દવાખાનામાં સૂતા સૂતા મનો મન એવી માનતા લીધેલી કે હે!રઘુભારથી બાપુ મને એક વખત ગામમાં લઈ જાઓ તો હું ભીમાસરનો આજથી અપૈયો લઉં છું. અને તેને દવાખાનામાંથી રજા પણ મળી ગઈ અને સારું થઈ ગયું અને પછી પાંચ દિવસ જીવ્યા અને પછી તેમનું દેહાંત થયો.

રઘુભારથી બાપુ ના અનેક પરચા છે. આજે પણ મોજુદ પરચા કે કોઈને હડકાયું કૂતરું કરડે અને તેઓ એવી માનતા લે કે હે! રઘુભારથી બાપુ હું ભીમાસરનો અપૈયો લઉં છું, તો માણસ ને કશું જ નથી થતું. તેના અનેક દાખલાઓ છે. અમરાપર ગામમાં આજ સુધી ક્યારેય ચોરી નથી થઈ. તેમજ કોઈ પ્રયત્ન કરે તો આંખે આંધળો દાદા કરી નાખે છે. રઘુભારથી બાપુ અને રઘીસર મહાદેવને ભીમાસરનું નારિયેળ અને પ્રસાદ ચડતો નથી. રઘીસર મહાદેવના પ્રાંગણ માં ડુંગર પર મોટી મોટી શિલાઓ પડેલી જોવા મળે છે. જેને રઘુભારથી બાપુ એ ચલ બેટા કહીને તેમના લાકડાના ગેડીએથી ચમત્કાર થી ચડાવેલી છે. રઘુભારથી બાપુના ચેલા હતા તેમને બાપુ ટહેલ કરવા માટે પલાસવા મૂકતા હતા, અને તેમને પલાસવા પહેલા આવતા વોકળામાં ભૂતની બીક લાગતી હતી. એક દિવસ બાપુ એ કહ્યું કે કાળા હાથ કર અને તને જ્યાં બીક લાગે કે કઈ દેખાય તેને આ કાળા હાથ અડાડજે. રાત્રીના મોડું થયું અને તેણે કાળા કરેલા હાથ જ્યાં બીક લાગી કે દેખાયું ત્યાં અડ્યા અને સવારે જોયું તો ચેલાના ગાલ પર કાળા ડાઘ હતા એટલે બાપુ એ કીધું કે તારું મન બીવે છે, ભૂત કશું છે નહીં. એવી રીતે ચેલામાં ભૂતની બીક કાઢી હતી. રઘુભારથી બાપુ ભૈરવ ચડાવતા હતા.

અમરાપર ગામ સવા બસો વર્ષ પહેલાં સ્થાપના થયેલ. તેનો ઈતિહાસ પણ રોચક છે. રત્નો માલી જે આજના અમરાપર પર આવે છે અને તેમના બે

દીકરા હતા એક અમરો માલી,અને બીજો કાજો માલી. તેના મોટા દીકરાના નામ પર થી અમરાપર ગામ વસાવ્યું અને તેનું નામ અમરાપર રાખ્યું ત્યાં નાનો દીકરો કાજો રીસાયો હતો. એટલે પછી અમરાપર (કાજેળું) નામ રાખ્યું અને કહ્યું કે અમરાપર પાછળ તારું નામ પણ લાગશે અને આજે પણ અમરાપર (કાજેળું) તરીકે બહાર અને બધેજ ઓળખાય છે. અમરાપર (કાજેળું) ના સ્થાપક માલી છે, પછી પલાસવાથી પ્રજાપતિ આવ્યા. કણબી પટેલ પદમપરથી આવ્યા. રાજપૂતો અને કોળીઓ, બાવાજી, અનું. જાતિ વગેરે બધાજ પલાસવાથી આવ્યા. આજે સૌથી વધારે વસ્તી કોલી જ્ઞાતિની છે. ગામમાં ૨૦ ઘર પ્રજાપતિના છે, રાજપૂતોના ૧૧ ઘર છે, અનું. જાતિ નું ૧ ઘર છે, ગોસ્વામી બાવાજીના ૫ ઘર છે, કોળીના ૯૦ ઘર છે.

(માહિતી દાતા)

જગદીશભાઈ બચુભાઈ પ્રજાપતિ (આડેસરા), ઘિંગાજી પરબતજી દસાણી (સેલોત), પ્રભુજી ઘિંગાણી, સુરેશસિંહ ચાવડા તથા મહાદેવ બારડ. શિવપુરી કેવળપુરી ગોસ્વામી.

मुकेशपुरी गोस्वामी

गुड्स व्हीकल भाडे पे मिलेगा
विश्वसनीय सर्विस के साथ

+91 99742 75999
+91 94272 71299

mukeshgoswami000@gmail.com

मु. रबारीका, ता. जामजोधपुर,
जि. जामनगर, गुजरात-३६०५१५.



शिव
ट्रान्सपोर्ट

મુક્તિની રાત્રી એટલે ગુરૂપૂર્ણિમા...

ચૈતન્યપુરી એસ. ગોસ્વામી
એડવોકેટ, જામજોધપુર



જે લોકો આધ્યાત્મના માર્ગ પર છે, તેઓ માટે ગુરુ પૂર્ણિમા વર્ષનો સૌથી મોટો દિવસ છે. કારણ કે આ દિવસે તેઓ આદિગુરુની કૃપા કે, અન્ય દરેક ગુરુની કૃપા અને અનુકંપા પ્રાપ્ત કરે છે.

આપણી સંસ્કૃતિમાં સૌથી ઉંચો ધ્યેય મુક્તિનો છે. તમે તમારા જીવનમાં જે કંઈ કરો છો, તે ફક્ત તમારા અંતિમ લક્ષ્ય મુક્તિને ધ્યાનમાં રાખીને જ કરો છો. કારણે કે આપણો મૂળભૂત સ્વભાવ મુક્ત છે, કેદની વૃતિ આપણી પ્રકૃતિ નથી. પણ લગ્ન, શાળાના શિક્ષકો અથવા માત્ર પ્રકૃતિના નિયમો વગેરે આપણા પર લાદવામાં આવે છે અને તે બંધનના કારક બને છે. પણ, મનુષ્ય આ વિષયોથી પર રહી તેની જન્મજાત ઝંખના મુક્તિ તરફ વળવા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

હજારો વર્ષો પહેલા ગુરુ પૂર્ણિમાની રાતે, આદિયોગીએ તેમનું ધ્યાન સાત સંતોમાં ફેરવી દીધું, માનવતાના ઇતિહાસમાં પહેલી જ વાર માનવને યાદ કરાવ્યું કે, આ નિશ્ચિત જીવન નથી. જો તેઓ અનુભવ કરવા તૈયાર હોય, તો અસ્તિત્વના દરેક બારણાં ખુલ્લાં છે. મનુષ્યને પ્રકૃતિના સરળ નિયમો દ્વારા મર્યાદિત રહેવાની જરૂર નથી.

હજારો વર્ષો પહેલાં આ દિવસે પ્રથમ વખત આદિયોગીએ બંધનમાંથી મુક્ત થવાની રીતે આપી હતી. હું તે આદિયોગીને નમન કરું છું, સાથે તેમના સાત સંતોને પણ નમન કરૂ છું. કારણ કે તેઓ પોતાને એવી રીતે તૈયાર કર્યા હતા, કે તેઓની અવગણના અશક્ય છે.

આદિગુરુને જે રીતે સપ્તર્ષિ મળ્યાં હતા તે રીતે કોઈપણ ગુરુ અથવા યોગીને તેમના જેવા સંતો અથવા લોકો મળ્યાં હોય, જેમની સાથે જ્ઞાન આદાન પ્રદાન કરી શકાય એવું નથી લાગળતું. ઘણા યોગીઓ અને ગુરુઓને ઉમદા ભક્તો મળ્યાં છે. જેમના પર તેઓની કૃપા અને અનુકંપા થઈ છે અને તેમને પૂર્ણ કર્યા છે. પરંતુ કોઇને આ સપ્તર્ષિ જેવા સાત લોકો મળ્યા નથી. જેની સાથે તેઓ તેમનું જ્ઞાન આપી શકે.



આપણને લાગે કે આપણા **વિરોધીઓ** કે **સ્પર્ધકો ફાવી જશે** તો.... ત્યારે **શું કરવું?**



કુશકુમાર પી. ગોસ્વામી
સુરત

પોતાના શત્રુઓ કે વિરોધીઓનો સામનો કઈ રીતે કરવો એ વિશે ભીષ્મે શાંતિપર્વમાં અનેક વાર જુદી જુદી ટિપ્સ આપી છે. ભીષ્મ યુધિષ્ઠિરને જ્ઞાન આપે છે કે એક લીડર તરીકે તેના માટે તેના શત્રુઓ કે વિરોધીઓ સામે જીતવા કરતા ટકી જવું વધુ મહત્વનું છે, કારણ કે કોઈ પણ સ્પર્ધા કે સંઘર્ષમાં જીત કે હાર એ તો બે અંત તો છે જ. એટલે આવાં અંતિમો પર જીવનમાં એકાદ-બે વાર જ પહોંચવાનું આવે. પરંતુ દ્વંદ્વો તો આપણી આસપાસ સતત ચાલુ જ હોય છે અને એ દ્વંદ્વોમાં ટકી રહેવું એ પણ લીડર માટે એટલું જ મહત્ત્વનું છે.

એવા સમયે ભીષ્મ કહે છે કે આપણા વિરોધીઓ, શત્રુ કે સ્પર્ધક સાથે સીધી રીતે કોઈ લડાઈમાં ઊતરી પડવું એ વેસ્ટ ઓફ ટાઈમ તો ખરો જ, પરંતુ આવા દ્વંદ્વોમાં આપણી ઊર્જા પણ ઘણી વેડફાઈ જતી હોય છે. જેને કારણે આખરે આપણે બીજી નોન પ્રોડક્ટિવ બાબતો તરફ ફંટાઈ જઈએ છીએ. એના કરતાં આવી લડાઈઓ કે સંઘર્ષો સીધી રીતે

કરવા કરતાં આડકતરી રીતે કરવા અને પોતાના વિરોધીઓ, સ્પર્ધકો કે શત્રુઓને સાવ નાંખી દેવા જેવી બાબતોમાં વ્યસ્ત રાખવા અને ગેરમાર્ગે દોરવા.

આ માટે ભીષ્મે બે ટિપ્સ આપી છે. તેઓ કહે છે કે દર વખતે કંઈ તમારો સ્પર્ધક કે શત્રુ કે વિરોધી એ બહારનો માણસ નથી હોતો કે તેને એક વાર કટ ટુ સાઈઝ કરીને તમે આગળ વધી શકો છો. મોટાભાગે તો આવા લોકો તમારી આસપાસના, તમારા સંબંધી-કુટુંબીજનો કે તમારા ઓળખીતા જ હોવાના. પણ એમની ન્યૂસન્સ વેલ્યૂ ઘણી હોય છે. એમના માટે ભીષ્મ કહે છે કે તેઓ હંમેશા તમારી વાતો અને તમારા આચરણ પર બાજ નજર રાખીને બેઠા હોય છે. તમે શું બોલો છો, કેવી વાતો કરો છો, કે તમે કયા પ્રકારનું જીવન જીવો છો એના પરથી તેઓ કેટલાંક જજમેન્ટ લેતા હોય છે અને તમારા જીવનમાં તરંગો અને કેટલાક કિસ્સામાં વમળો સર્જતા હોય છે. આવા લોકોના માટે ભીષ્મ કહે છે કે તમારા અમુક મૂવ્સ વિશે તેમને ગંધ જ ન આવવા દો અને આ માટે તમારે હંમેશા ગેરમાર્ગે દોરવા. જેને માટે તેમની સાથે કોઈ ભળતા જ મુદ્દા, ચર્ચા અથવા તેમના સુધી સાવ ખોટી માહિતી જાય એ પ્રકારની વાતો કરો.

આવા કિસ્સામાં તો ભીષ્મ, કોમ્યુનિકેશન જ ઓછું કરી દેવાની સલાહ આપે છે, પરંતુ સાથે સાથે એમ પણ કહે છે અનેક કિસ્સામાં લીડરે જાણ્યે કે અજાણ્યે પ્રત્યક્ષ કે પરોક્ષ કોમ્યુનિકેશન કરવાના થાય જ તો હંમેશા તમારા સ્પર્ધકો ગેરમાર્ગે દોરાયેલા રહે એવી માહિતી પ્લાન્ટ કરતા રહો. જેથી તમારા સ્પર્ધકો કે વિરોધીઓનું લશ્કર ભળતે જ મોરચે લડતું રહે.


તો આ સિવાય તેઓ એક સલાહ એમ આપે છે કે તમારા વિરોધીઓ કે સ્પર્ધકોની આસપાસના કે તેમની નજીકના માણસો સાથે એક જુદા સ્તરનો સંબંધ બનાવેલો રાખો. એમાં જો પછી એ લોકોની કોઈ નાની-મોટી જરૂરિયાત પૂરી પણ કરવાની હોય તો સ્ટ્રેટજીના ભાગરૂપે એ જરૂરિયાત પૂરી પણ કરી દો, પરંતુ તમે જયારે આવું કરો છો ત્યારે તમારા વિરોધી કે સ્પર્ધકની કથની અને કરની વચ્ચેના ભેદ વિશે તમે હંમેશા માહિતગાર રહો, કારણ કે તમારો સ્પર્ધક પણ સ્માર્ટ હોવાનો જ. દરેક કિસ્સામાં કંઈ એ નિખાલસ કે નાદાન નહીં હોય કે એ પણ તમને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન નહીં કરતો હોય?

જો એ પણ તમને ગેરમાર્ગે દોરતો રહેતો હોય તો તમે હંમેશા અમુક પ્રકારની માથાકૂટોમાં વ્યસ્ત રહેશો અને તમારા સ્પર્ધકો તમારી એ વ્યસ્તતાનો કે તમારા ગેરમાર્ગે દોરાયેલા રહેવાનો લાભ ઉઠાવતા રહેશે. એના કરતાં પંચાતના

ભાગરૂપે ભલે નહીં, પરંતુ સહજ રીતે પણ તમને તમારા સ્પર્ધક કે વિરોધીના સમાચાર મળતા રહે છે તો તમને અમુક ગણતરીઓ કરવામાં કે અમુક નિર્ણય લેવામાં મદદ રહેશે અને તમે હંમેશા તમારું એક આગવું પ્રભુત્વ કે આગવો પ્રભાવ જાળવી શકશો.

એકંદરે તમારો પ્રભાવ જ તમારી કિંમત નકકી કરતો હોય છે અને મોટાભાગની લડાઈઓ પોતાનું વર્ચસ્વ કે પ્રભાવ જાળવી રાખવા માટેની જ હોય છે. બાકી, જીવનના એક તબકકે કોઈ પદ પર આરૂઢ થઈ ગયા પછી કે બિઝનેસમાં કે કામમાં અમુક અનુભવો મેળવી લીધા પછી બીજી કોઈ ઝાઝી લડાઈ તો રહેતી જ નથી.

અલબત, વર્ચસ્વવાદને કઈ રીતે લેવો એ પણ આપણા પર છે, કારણ કે આપણે જો બીજાને બતાવી દેવા કે બીજાને પાડી દેવા આપણું વર્ચસ્વ કે પ્રભાવ ઊભો કરવાનો પ્રયત્ન કરીશું તો આપણોય કોઈ વારો લેવાનું જ છે. આખરે કર્મનો સિદ્ધાંત અહીં જ તો કામ કરતો હોય છે પરંતુ આપણે ડિઝર્વિંગ હોઈએ કે આપણું મેરિટ ઘણું ઊંચું હોય કે આપણી નીતિ યોગ્ય હોય છતાંય જો કોઈ આપણને હાંસિયામાં ધકેલવાનો પ્રયત્ન કરે કોઈ આપણા પર હાવી થવાનો પ્રયત્ન કરે ત્યારે આપણા માટે ભીષ્મે આપેલી સલાહનું અનુસરણ કરવું મહત્ત્વનું થઈ જાય છે. નહીંતર પછી આપણા અસ્તિત્વની કે આપણા કામની કયારેય કદર નહીં થાય.



મો. ૯૫૭૪૭ ૮૮૦૬૧

પ્રો. દિનેશભાઈ ગોસ્વામી

અભય ગોસ્વામી

શિવશક્તિ એજન્સી

અમારે ત્યાંથી પાન, બીડી, સીગારેટ, સોપારી, ખારા બી, બીસ્કીટ, ચોકલેટ, પીપરમેન્ટ, માચિસ, અગરબત્તી તેમજ પાનની દુકાનને લગતો દરેક સામાન તેમજ દરેક સાબુ જથ્થાબંધ તેમજ છૂટક વ્યાજબી ભાવે મળશે.

તેમજ 'ઈન્દ્ર વિજય'નું દરેક જાતનું ફરસાણ મળશે.

કોમલ નગર, એરફોર્સ રોડ, જામનગર.



સુરજપુરી ડી. ગોસ્વામી
સુરત

પગાર થવાની **તારીખે મોબાઈલ** ઉપર સવાર સવારમાં **૧૦ મેસેજ** આવે છે...

૯:૦૦ બેન્ક એકાઉન્ટમાં પગાર જમા થઈ ગયો છે...
૯:૦૧ હોમલોનનો હપ્તો ખાતામાંથી ડેબિટ...
૯:૦૨ ઓટો લોનનો હપ્તો ખાતામાંથી ડેબિટ...
૯:૦૩ ક્રેડિટકાર્ડ બીલની રકમ ખાતામાંથી ડેબિટ...
૯:૦૪ ફોન, ગેસ બિલ ખાતામાંથી ડેબિટ...
૯:૦૫ ઈલેકટ્રીસિટી બિલ ખાતામાંથી ડેબિટ...
૯:૦૬ ઈન્સ્યોરન્સ પ્રીમિયમ ડેબિટ...
૯:૦૭ મેડિકલેઈમ ઈએમઆઈ ડેબિટ...
૯:૦૮ બેન્કનો મેસેજ... પ્લીઝ મેઈન્ટેઈન મિનિમમ બેલેન્સ...

પરંતુ આ મેસેજ કદાચ જ કોઈના ધ્યાનમાં આવશે કે...

૯:૦૯ પ્લાન કરો, પછી બીજા બીપ સાંભળો...





પિતામ્બરપુરી આર. ગોસ્વામી
સુરત

નકારાત્મક વિચારો ભારે નુકસાન પહોંચાડી શકે છે...

માણસનું સબકૉન્સિયસ માઈન્ડ હકારાત્મક અને નકારાત્મક વિચાર પ્રક્રિયા વચ્ચે ભેદ પાડી શકતું નથી. આપણે આપણી વિચાર પ્રક્રિયા દ્વારા જે સામગ્રી તેને પૂરી પાડીએ છીએ તે પ્રમાણે જ તે વર્તે છે. સબકૉન્સિયસ માઈન્ડ જે રીતે હિંમત અથવા શ્રદ્ધા ધરાવતા વિચારને વાસ્તવિકતામાં પરિવર્તિત કરે છે તે જ રીતે તે ભયપ્રેરિત વિચારોને પણ વાસ્તવિકતામાં તબદીલ કરશે.

જે રીતે વીજળીનો રચનાત્મક ઉપયોગ કરવામાં આવે તો તે લાઈટ આપે કે પછી ખેતરમાં મોટરપંપ ચલાવી શકે, પરંતુ ખોટી રીતે ઉપયોગ થાય તો જીવનનો ભોગ પણ લઈ શકે, બરાબર એ જ રીતે આત્મસંકલ્પના સિદ્ધાંતનો યોગ્ય ઉપયોગ થાય તો તમને શાંતિ અને સમૃદ્ધિ મળી શકે અન્યથા તમે પીડા, નિષ્ફળતા અને મૃત્યુની ગર્તામાં ધકેલાઈ જાવ.

જો તમે તમારા મનને ભય, આશંકા અને અવિશ્વાસથી ભરશો અને એ પરિબળોનો આત્મવિશ્વાસ મેળવવા માટે ઉપયોગ કરશો તો અતમસંકલ્પનો કાયદો અવિશ્વાસના સ્પિરિટને ગ્રહણ કરશે અને તેનો એક પેટર્ન તરીકે ઉપયોગ કરશે. છેવટે પરિણામ એ આવશે કે તમારું સબકૉન્સિયસ માઈન્ડ એ બાબતને જ વાસ્તવિક સ્વરૂપ આપશે.

પવન જે રીતે એક જહાજને પૂર્વ દિશામાં અને બીજાને પશ્ચિમ દિશામાં લઈ જાય છે એવી જ રીતે તમે તમાર વિચારોને શઢને કઈ દિશામાં રાખો છો તેના આધારે આત્મસંકલ્પનો કાયદો તમને કાંતો ઊંચે લઈ જશે અથવા નીચે પટકી દેશે.

કોઈપણ વ્યકિતાને તોની કલ્પનાથી પર સિદ્ધિના સર્વોચ્ચ શિખરે લઈ જનાર અત્મસંકલ્પના કાયદાને નીચેની કાવ્ય પંકિતઓમાં સારી રીતે સમજાવવામાં આવ્યો છે.

શ્રી દશનામ ગોસ્વામી જ્ઞાતિ મંડળ (રજી. ટ્રસ્ટ) જામનગર સંચાલિત

શ્રી ચેતનગીરી મધુગીરી ગોસ્વામી

દશનામ ગોસ્વામી મેડિકલ ભવન - અમદાવાદ

સિવિલ હોસ્પિટલ, ગેઈટ નં. ૫ ની સામે, મુખીવાસ, જહાંગીરપુરા, અસારવા, અમદાવાદ. M.: 98984 16915

શ્રી દશનામ ગોસ્વામી સમાજના દર્દી પરિવારને **વિનામુલ્યે** (નિ:શુલ્ક) **રહેવાની** સુવિધા પુરી પાડતું **ભવન.**

આ કલ્યાણકારી સેવાકીય કાર્યમાં યથાશક્તિ સ્વૈચ્છીક યોગદાન આપી આભારી કરશોજી.

મેડિકલ ભવન માટેનું આપવામાં આવેલું દાન સંપૂર્ણપણે આવકવેરા નિયમને આધિન 11(B)80G(5)25/11-12/903 JAMNAGAR DT: 29/6/2912 ના આધારિત આવકવેરામાં માફી પાત્ર છે.

SCAN TO PAY
WITH ANY BHIM UPI APP

:: બેંકની વિગત ::

ખાતાનું નામ : **શ્રી દશનામ ગોસ્વામી જ્ઞાતિ મંડળ જામનગર**
બેંકનું નામ : **બેન્ક ઓફ બરોડા** (લાલ બંગલા શાખા) જામનગર.
ખાતા નંબર : **58090 10000 0447**
IFSC Code : **BARB0LALJAM** (Fifth Letter is ZERO)

:: વહીવટી કાર્યાલય ::

શ્રી હેમેન્દ્રગીરી સુંદરગીરી ગોસ્વામી
સ્વામિનારાયણ નગર, શેરી નં. ૫ (બંધ શેરીના નાકે), હાલાર હાઉસ પાછળ, જામનગર-૩૬૧૦૦૧. **M.: 98248 88187**

હકીકત આ છે...

- સ્ત્રીને એવા પુરુષ જોઈએ છે જેનું ભવિષ્ય સારું હોય, અને પુરુષ ને એવી સ્ત્રીઓ જોઈએ છે જેનો ભૂતકાળ સારો હોય.

- જિંદગીની એક હકીકત બસ અમે જાણી લીધી છે,
  દુ:ખમાં હોવ એકલા ને ખુશીઓમાં કાફલો હોય છે.

- કોઈપણ વ્યક્તિને માત્ર ચાહવા કે ધિક્કારવા સિવાયનો ત્રીજો અને સૌથી વધુ ઉત્તમ વિકલ્પ છે તેને સમજવાનો.

- જો તમે કોઈ વ્યક્તિ સાથે ગુસ્સાથી કે નફરતથી વાત કરો તેમ છતાંય, તમને જવાબ પ્રેમથી મળે તો સમજવુ કે તમારા પ્રત્યેનું માન તેના સ્વભીમાનથી ઉંચુ છે.

- ખુલ્લા પુસ્તક જેવું એ લોકો સામે જ બનવું જેને વાંચતા આવડતું હોય, બાકીના તો ખાલી પાના જ ફેરવશે.

- વાણી ને વીણા બનાવવી કે બાણ, એ નક્કી કરવું મહત્વનું છે, જો વીણા બનાવશું તો જીવન સંગીતમય થશે, અને જો બાણ બનાવશું તો જીવનમાં મહાભારત થશે.



અપુરતી ઊંઘ પણ ગંભીર બીમારીઓ નોતરી શકે છે... ઓછામાં ઓછી કેટલા કલાકની ઊંઘ જરૂરી છે?



ડૉ. નંદિની એસ. ગોસાઈ
જામનગર

ઘણા લોકો એવા હોય છે કે જે રાત્રે વધારે ઊંઘ લેતા હોય છે અને ઘણા એવા પણ હોય છે કે જે જરૂર પૂરતી પણ ઊંઘ લઈ શકતા નથી. આ વિશે જાણકારોનું કહેવું છે કે દરેક વ્યક્તિએ રાત્રે ઓછામાં ઓછી ૭ થી ૮ કલાકની ઊંઘ લેવી જોઈએ. હાલમાં વિદેશમાં થયેલા અભ્યાસમાં સામે આવ્યું કે, જે લોકો રાત્રે ૫ કલાકથી ઓછી ઊંઘ લે છે, તેમને પેરીફેરલ આર્ટરી ડિસીસ (પીએડી) થવાનું જોખમ ૭૪ ટકા વધારે રહે છે. આ રિસર્ચ દરમિયાન જાણવા મળ્યું કે, દુનિયામાં લગભગ ૨૦ કરોડ લોકો પેરીફરલ આર્ટરી ડિસીસની સમસ્યાથી પીડિત છે.

પેરીફેરલ આર્ટરી ડિસીસના કારણે ધમનીઓમાં કોલેસ્ટ્રોલ જમા થવાના કારણે તે સુકાવા લાગે છે, જેનાથી પગ અને હાથમાં બ્લડનો ફ્લો ઓછો થઇ જાય છે. પગ સુધી યોગ્ય માત્રામાં લોહી નહીં પહોંચવાના કારણે સ્ટ્રોક અને હાર્ટએટેકની સમસ્યાનો સામનો કરવો પડી શકે છે. જે લોકો રાત્રે ૭ થી ૮ કલાકની ઊંઘ પૂરી કરી લે છે, તેમણે પેરીફેરલ આર્ટરી ડિસીસનું જોખમ ઘણું ઓછું રહેતું હોય છે. આ રિસર્ચ સાથે જોડાયેલા રિસર્ચર્સે જણાવ્યું કે, રાતના સમયે ભરપૂર ઊંઘ ના લેવાથી અને દિવસે નેપિંગના કારણે કોરોનરી આર્ટરી ડિસીસનું જોખમ ઘણું વધે છે. પેરીફેરલ આર્ટરી ડિસીસની સમસ્યાથી પીડિત દર્દીઓએ રાતના સમયે સૂવામાં ઘણી તકલીફનો સામનો કરવો પડી શકે છે. આ રિસર્ચમાં ૬,૫૦,૦૦૦થી વધારે લોકો સામેલ હતા. રોજ ૭ થી ૮ કલાકની ઊંઘ પૂરી કરનારાની સરખામણીમાં ૫ કલાકની ઊંઘ લે છે તેમને પેરીફેરલ આર્ટરી ડિસીસનું જોખમ બે ગણું વધારે હોય છે. આ બીમારી થવા પર ઊંઘ ઓછી આવવી અને ઊંઘ પૂરી ના થવા જેવી સમસ્યાનો સામનો કરવો પડી શકે છે.

શિવકથાકાર

...આગામી કથાઓ...

હરીદ્વાર
તા. ૨૧-૦૭-૨૦૨૩ ને શુક્રવાર થી

ભીમાશંકર જ્યોતિર્લિંગ
તા. ૦૯-૦૮-૨૦૨૩ ને બુધવાર થી



પ.પૂ. શ્રી નિલેશગીરી બાપુ (સુરતવાળા)

મંદિર - ગૌશાળા - વૃદ્ધાશ્રમ - અનાથાશ્રમના લાભાર્થે તેમજ ધાર્મિક કાર્યમાં શિવકથાના આયોજન માટે સંપર્ક કરી શકો છો.

સંપર્કસૂત્ર : 91061 30318, 98794 56999

બોધ
કથા

રિવાજમાં કઈ રીતે ગાડરિયો પ્રવાહ થાય છે તેનું ઉત્તમ દ્રષ્ટાંત...



મંથનપુરી એલ. ગોસ્વામી
સુરત

મનુભાઈ મુંબઈથી સુરત એમના વેવાઈને ત્યાં આવેલા.

બપોરનું જમવાનું વેવાઈના ઘરે હતું. આસન પાટલા ગોઠવાઈ ગયા.

મનુભાઈ અને વેવાઈ જમવા આસન પર બેઠા. વીણાબેન વેવાણે થાળી પીરસવાની ચાલુ કરી. પાટલા ઉપર થાળી, વાટકી ૨, ચમચી ૨, ગ્લાસ વિગેરે મુકાઈ ગયું. લાપસી, દૂધપાક, પૂરી, પરવળનું શાક, દાળ, ભાત, પાપડ, અથાણાં પીરસ્યા. સાથે થાળીમાં લીમડાના ૧૦ દાતણની ઝૂડી પણ મૂકી.

મનુભાઈ આ ૧૦ દાતણની ઝૂડી જોઈ અચરજ પામ્યા. પરંતુ કશું બોલ્યા નહીં.

મનુભાઈ દાતણની ઝૂડી બાજુ પર મૂકી જમવાનું ચાલું કર્યું. જમીને હાથ ધોઈ સોફામાં બેઠા. મુખવાસ ખાધો. સમાજની વાતો કરી.

પછી શાંતિથી વેવાઈને પૂછ્યું, વેવાઈ આ જમવાની થાળીમાં લીમડાના ૧૦ દાતણની ઝૂડી મૂકવાનું શું કારણ?

વેવાઈએ વિસ્તારથી જવાબ આપ્યો કે "મનુલાલ હું એકવાર અમારા સાઢુભાઈ સુમતિલાલને ત્યાં ગયો હતો, હું એમના ત્યાં જમવા બેઠો તો મારી થાળીમાં બાવળના ૯ દાતણ મૂક્યાં. એટલે મેં અહીં એક દાતણ વધારે એટલે ૧૦ દાતણની ઝૂડી મૂકી".

મનુભાઈને આમાં રસ પડ્યો તો તમે વેવાઈ તમારા સાઢુભાઈને પૂછ્યું નહિ કે આ ૯ દાતણ શાના મૂક્યાં. વેવાઈ કહે, મનુભાઈ મેં તો કંઈ પૂછ્યું નહિ.

મનુભાઈને તાલાવેલી થઈ કે સાલું

આ તો અચરજ કહેવાય. આનું રહસ્ય તો જાણવું જ પડશે. મનુભાઈ અને વેવાઈ બંને સુમતિલાલના ઘરે ગયા. ૯ દાતણ વિશે પૂછ્યું, સુમતિલાલ કહે હું મારા બનેવી બાબુલાલને ત્યાં જમવા ગયો હતો ત્યાં ૮ દાતણ મૂક્યાં હતાં. તેથી મેં એક દાતણ વધારી ૯ મૂક્યાં.

મનુભાઈને તાલાવેલી વધવા લાગી.

૮ દાતણ મૂક્યાં હતાં તે ઘેર, ૭ દાતણ મૂક્યાં હતાં તે ઘરે, ૬ દાતણ મૂક્યાં હતાં ત્યાં, એમ ૫, ૪, ૩ દાતણ મૂક્યાં હતાં તે તમામ ઘરે ગયા, પણ આનું રહસ્ય ઉકેલાયુ નહીં.

છેલ્લે જેણે ૨ દાતણ થાળીમાં મૂક્યાં હતા, તે રમણીકભાઇના ઘરે ગયા. તેમણે કહ્યું, "જુઓ ભાઈ હું એકવાર ગામડે ગયો હતો, અમારા એક સગા વિધવા માજી રહે. સંતાનમાં એક દીકરી, તે પણ પરણાવી દીધેલી. માજી ઘરમાં એકલા બિચારા. હું એમના ઘરે જમવા બેઠો, તો મારી થાળી માં ૧ દાતણ મૂક્યું, મેં તો કંઈ માજીને દાતણ વિશે પૂછ્યું નહીં.

મનુલાલને હજુ રહસ્ય મળતું નથી. મનુભાઈ પેલા વિધવા માજીનું સરનામું લઈને એમના ઘરે પહોંચ્યા. માજીએ આવકારો આપ્યો. માજીના ખબર અંતર પૂછ્યા, અને પછી હળવેકથી માજીને પૂછ્યું, "માજી રમણીકભાઇ આપને ત્યાં એકવાર જમવા આવ્યા હતા, ત્યારે આપે સારી રીતે જમાડ્યા હતા, અને થાળીમાં ૧ લીમડાનું દાતણ મૂક્યું હતું, તો લીમડાનું દાતણ મૂકવાનું કારણ શું?"

માજી એ કહ્યું, "જુવો મનુલાલભાઈ હું ઘરમાં એકલી, દીકરી સાસરે રહે. તે દીવસે રમણીકભાઇ આવ્યા ત્યારે શીરો, પૂરી, શાક, દાળભાત બનાવેલા, હવે દાળ વાટકીમાં હલાવવા મારા ઘરમાં ચમચી નહિ, એટલ મેં લીમડાનું દાતણ દાળ હલાવવા મૂક્યું હતું......"

મનુભાઈને લીમડાના દાતણનું રહસ્ય મળી ગયું.

જોયું ને !!

દરેક જગ્યાએ, કંઈ પણ નવું કે નકલ કરતા પહેલા શાંતિથી વિચાર જરૂર કરવો.

રિવાજ છે એટલે કરવું... એમ નહીં.

બધું આંધળે બહેરું કુટાય છે, માજીના ઘરમાં ચમચી ન હતી એટલે લીમડાનું દાતણ મૂકતા હતા.

દરેક રિવાજ જે તે સમયની માંગ, સંજોગો, જે તે સમાજની શક્તિ અનુસાર અને વ્યક્તિની સવલત અનુસાર ઘડાયેલ હોય છે. એનું અનુકરણ ના હોય કે સ્પર્ધા પણ ના હોય.

દરેક સમાજમાં આમને આમ જ અમુક રીવાજોમાં ગાડરિયો પ્રવાહ કે આંધળે બેરુ કૂટાય એવો પ્રવાહ ચાલે છે.

હાસ્ય
કણિકાઓ



દર્શનપુરી ડી. ગોસ્વામી
સુરત

* ભાઈઓ અને બહેનો 'સ્વીગી' અને 'ઝોમેટો' ને પણ એમ્બ્યુલન્સની જેમ સાઈડ આપતા રહેજો...
કયાંક કોઈ ભૂખ્યો ના મરી જાય...

* * *

* ટીચર : કઈ એવી વસ્તુ છે કે તેને ખેંચવાથી ટૂંકી થાય?
ભૂરો : બીડી....
(ટીચર વિચાર કરે છે કે આનુ સન્માન કરવું કે ઢીબી નાખવો.)

* * *

* હમણાં જ કોઈએ મને લીન્ક મોકલી કે વાવાઝોડુ કઈ દિશામાં છે તે જાણવા ક્લિક કરો...
મેં ક્લિક કર્યું તો ઘરમાં જ ગોળ-ગોળ ફરતું હતું....

* * *

* ચિન્ટુ : દોસ્ત, તારી પત્ની સાથેનો ઝઘડો ખતમ થઈ ગયો કે નહીં?
પિન્ટુ : પૂછશો નહીં, તેણી ઘૂંટણિયે પડીને મને મનાવે છે.
ચિન્ટુ : ખરેખર ! શું વાત કરે છે?
પિન્ટુ : અને નહીં તો શું...!
ચિન્ટુ : તો પછી શું કહ્યું...?
પિન્ટુ : એ એવું કહે છે કે, પલંગની નીચેથી બહાર આવ, હવે હું તને નહીં મારું.

* એક માં એ પોતાના દીકરાને સવારમાં વહેલા જગાડતા કીધું "બેટા ઊભો થા આજથી તારે સ્કુલે જવાનું છે."
દીકરાએ કીધું, "મમ્મી મને સુવા દયો, આજે મારે સ્કુલે નથી જાવું, બહું કંટાળો આવે છે."
તો માંએ ખીજાઈને કહ્યું, "આળસ ખંખેરીને છાનીમાનીનો ઊભો થા, બહું રખડી લીધું વેકેશનમાં, તું સ્કૂલે નહીં જાય તો કેમ ચાલશે? રોયા તું તો માસ્તર છો...!!!"

* * *

* બિલ્લુની દિવાલ ઘડિયાળ બંધી પડી ગઈ. જયારે તેણે ઘડિયાળ ખોલી તો, એક મચ્છર મરેલુ પડયું હતું.
બિલ્લુ બોલ્યો : મને હવે સમજાયું, ઘડિયાળ કેમ બંધ થઈ ગઈ, તેનો ડ્રાઈવર જ મૃત્યુ પામ્યો છે.


* * *

* જજ : તમે શું ગુનો કર્યો છે?
ભૂરો : સાહેબ મેં વહેલું શોપિંગ કરી લીધું હતું.
જજ : એતો કોઈ ગુનો નથી, વહેલું એટલે કેટલું વહેલું?
ભૂરો : દૂકાન ખૂલે એ પહેલા...

* * *



વજન ઉતારવા આટલું કરો... બાજરીના રોટલા ખાવાનું શરૂ કરો...



ડૉ. સાગર આર. ગોસાઈ
જામનગર

બાજરાના રોટલા ખાવાથી થતાં 5 ફાયદા જાણીએ :

વજન વધવાની સમસ્યા આજકાલ સામાન્ય સાંભળવા મળી રહી છે. વજન ઘટાડવા માટે અનેક લોકો ડાયેટિંગ કરવી શરૂ કરી દે છે. કે પછી રોટલી ખાવી બંધ કરી દે છે. અવુ બધુ કરવુ જરૂરી નથી. આજે અમે તમને એક એવી વસ્તુ વિશે બતાવીશુ જેને ખાઈને તમે તમારુ વજન ઘટાડી શકો છો. આ માટે તમે ઘઉંને બદલે બાજરીના રોટલા ખાવાની ટેવ રાખો કારણ કે આ રોટલા જલ્દી વજન ઘટાડવામાં મદદગાર સાબિત થાય છે અને સાથે જ અનેક બીમારીઓમાંથી મુક્તી પણ અપાવે છે.

<u>આવો જાણીએ બાજરીના રોટલાના ફાયદા :</u>

૧. વજન ઘટાડે :

બાજરીનો રોટલો ખાધા પછી મોડા સુધી ભૂખ નથી લાગતી જેવી કે વજન કંટ્રોલમાં રહે છે.

૨. એનર્જી :

ઘઉં કરતા બાજરાના રોટલા શરીરને વધુ ઉર્જા પ્રદાન કરે છે. તેને ખાવાથી વજન તો ઘટે જ છે સાથે જ ભરપૂર એનર્જી પણ પ્રાપ્ત થાય છે.

૩. પાચન રાખે ઠીક :

બાજરામાં ભરપૂર પ્રમાણમાં ફાઈબર્સ જોવા મળે છે. જે પાચન શક્તિને ઠીક રાખે છે.

૪. ડાયાબિટીઝ અને કેંસર :

બાજરાના રોટલાનુ નિયમિત સેવન કરવાથી ડાયાબિટીસ અને કેંસર જેવી બીમારીઓથી છુટકારો મળે છે.

૫. દિલ માટે લાભકારી :

કોલેસ્ટ્રોલના સ્તરને કંટ્રોલ કરવા માટે બાજરાની રોટલી ખૂબ મદદગાર સાબિત થાય છે અને આ બ્લડપ્રેશરને કંટ્રોલમાં રાખે છે.

દશનામ સરક્યુલર

'દશનામ સરક્યુલર' અંક દર મહિને પ્રાપ્ત કરવા
સ્કેન કરો અને વોટ્સએપ ગ્રુપ જોઈન કરો.

DASHNAM Circular
WhatsApp Group

તમારી પાસે કેટલા **સંસાધનો** છે
તેનાથી કોઈ **ફરક** પડતો નથી...



જો તમે તેનો **ઉપયોગ** કેવી રીતે કરવો
તે **જાણતા** નથી, તો તે ક્યારેય
પૂરતું નહીં હોય...

દશનામ
સરક્યુલર



આભાર

ૐ નમો નારાયણ,

અત્યંત આનંદની લાગણી સાથે પ્રથમ વર્ષ પૂર્ણ કરી બીજા વર્ષમાં પ્રવેશ કરતા આ **'દશનામ સરક્યુલર'** ઈ-મેગેઝીનનો **જુલાઈ-૨૦૨૩**નો **તેરમો** અંક આપની સમક્ષ રજૂ કરું છું.

મને આશા છે કે આ અંક પણ આપને જરૂર ગમશે અને ઉપયોગી થશે. અગર આપ એવું ઈચ્છતા હો કે આ અંક આપણા સમાજના દરેક પરિવાર, સભ્ય સુધી પહોંચે, તો આપ આપના સગા-સ્નેહીજનો-મિત્રોના ગ્રુપમાં પણ જરૂર શેર કરજો.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનમાં સંકલિત કરેલી કેટલીક ઉપયોગી માહિતી સોશિયલ મિડીયાના માધ્યમથી આપણા સમાજની દરેક વ્યકિત, પરિવાર સુધી પહોંચે અને ઉપયોગી થાય એવો અમારો આ નમ્ર પ્રયાસ છે. આ ઈ-મેગેઝિનનો અંક દર અંગ્રેજી મહિનાના પ્રથમ સપ્તાહમાં પ્રસિદ્ધ થાય છે.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનને હજુ પણ શ્રેષ્ઠતમ બનાવવા આપના સૂચનો આવકાર્ય છે.

આ અંક માટે આપનો અભિપ્રાય અમને **વોટ્સએપ, ટેલિગ્રામ** અથવા **ઈ-મેલ** પર જરૂર મોકલશો, આપનો અભિપ્રાય અમારો ઉત્સાહ વધારશે.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનના આગળના દરેક અંક આપ અમારી ટેલિગ્રામ ચેનલ :

"DASHNAM Circular"
Telegram Channel Link :
https://t.me/dashnamcircular

WhatsApp Group Link :
https://chat.whatsapp.com/JetVbaUVzpFLD610IGk9hc

પરથી દરેક અંક વિનામુલ્યે પ્રાપ્ત કરી શકો છો.

આપના આશીર્વાદ અને સાથ સહકાર મળતા રહે એવી અપેક્ષા સહ...
ૐ નમો નારાયણ...

- લલિતપુરી આર. ગોસ્વામી

સાદર અર્પણ...

અમારામાં સંસ્કારો અને આવડતોનું સિંચન કરનાર
અમારાં માતા-પિતાને...

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ।।



પૂ. પિતાશ્રી રામપુરી નારણપુરી ગોસ્વામી • પૂ. માતુશ્રી જમનાબેન રામપુરી ગોસ્વામી

શ્રી પિતામ્બરપુરી રામપુરી ગોસ્વામી - અ.સૌ. અરૂણાબેન પિતામ્બરપુરી ગોસ્વામી
શ્રી શશીપુરી પિતામ્બરપુરી ગોસ્વામી - અ.સૌ. હેમાલીબેન શશીપુરી ગોસ્વામી
અર્પિતા
કુશકુમારપુરી પિતામ્બરપુરી ગોસ્વામી

•

શ્રી ધનસુખપુરી રામપુરી ગોસ્વામી - અ.સૌ. પુષ્પાબેન ધનસુખપુરી ગોસ્વામી
સુરજપુરી - દર્શનપુરી

•

શ્રી લલિતપુરી રામપુરી ગોસ્વામી - અ.સૌ. ભારતીબેન લલિતપુરી ગોસ્વામી
તન્વી - મંથનપુરી
(રબારીકા - જામજોધપુર / સુરત)